શ્રી પરમાત્માને નમોનમઃ

ભવતારણ ભજનાવળી.

રચનાર.

વ્યાસ દલસુખરામ દલપતરામ.

ગ્રામ મોડાસાના.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

વ્યાસ દલસુખરામ દલપતરામ.

દોહરો.

ભવતારણ ભજનાવળી, શીખે સાંભળે જેહ;
ત્રીવીધીના તાપથી, તરત ટળે જન એહ.
સુખ પામે સૌ વાતનું, શાન્તિ સર્વની થાય;
ભ્રાંતિ ભાગે મનની, દલસુખ વાણી ગાય.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૫૦૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮.

કીંમત. ૦—૨—૦

શ્રી પરમાત્માને નમોનમઃ

ભવતારણ ભજનાવળી.

રચનાર.

વ્યાસ દલસુખરામ દલપતરામ.

ગામ મોડાસાના.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

વ્યાસ દલસુખરામ દલપતરામ.

દોહરો.

ભવતારણ ભજનાવળી, શીખે સાંભળે જેહ;
ત્રીવીધીના તાપથી, તરત ટળે જન એહ.
સુખ પામે સૌ વાતનું, શાંન્તિ સર્વની થાય;
ભ્રાંતિ ભાગે મનની, દલસુખ વાણી ગાય.

આવ્રત્તિ ૧ લી—પ્રત ૫૦૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીગ પ્રેસ—અમદાવાદ

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮.

કીંમત. ૦—૨—૦

પ્રસ્તાવના.

સર્વે આત્મબંધુઓને અરજ કરૂંછું કે આત્મસાધનને સારૂ, પુર્વના મહાન પુન્યને લીધે, મનુષ્યાદેહ મળી છે તો તે વડે આત્માનુ સાધન કરી લેવું, એજ ઉત્તમ છે ૧ રત્નચીંતામણી આ દેહ દેવને પણ દુર્લભ, એ આપણુને મળેલી છે. તેને કાળજાના કુટેલ, હૈયાના ફૂટેલ, કાછડીના છુટેલ, કામરૂપી અંધાઓ ફોગટમાં ફસાવે છે, ને તેમાંજ સુખ માની, રચ્યો, પચ્યો, મચ્યો રહી પરીણામે મરણુને શરણુ થાય છે. ૨ જઠરામાં જેને જાળવી, અવતરતા પેહેલાં માતાના સ્થાનમાં, પયપાન પ્રેમથી, પેદા કરનારને આ અવનીમાં આવી ઓળખ્યા નહિ તો જન્મ ધર્યો ના ધર્યો જાણુવો. ૩ માટે સર્વ ભાઈઓ, સદા સત્સંગ સદા સુવિચાર, સદા શુભ ઈચ્છા, સદા શુભ રીતી, સદા સુનીતિ, સદા પ્રેમ પ્રીતી કરી, પરમાત્માના પદને પ્રાપ્ત થવા પ્રયત્ન કરવો એજ મોક્ષનો હેતુ છે. ૪ ને આ લઘુ પુસ્તક પણુ પરમપદને પામવાને મારી અલ્પમતિથી રચેલુ છે. તે વાંચીને વિચારશો, ને ભાવથી ભજન કરશો, તો આ નારાયણુ નામથી નીશ્ચે તરશો ને પેલે પાર ઉતરશો. એજ મારો આશીરવાદ છે. લી. વ્યાસ દલસુખરામ. સરવે હરીજનની ચરણુરજ હું.



ॐ श्री परमात्माने नमो नमः

અર્પણ પત્રિકા.

સદા હેતકારિ, પ્રેમસ્નેહી, વિવેકસાગર, રા. રા

પરમકૃપાળુ, ભાગ્યશાળી શેઠ સુરા રણછોડલાલ

ભાઇચંદભાઈ, આપ દયાવાન, તથા ક્ષમાવાન,

તથા પુન્યવાન તથા નીતિવાન, તથા સ્વ-

ધર્મમાં સુધારો તથા સાહ્ય કરનારા

જાણી મારી અલ્પમતિથી રચેલો

ભવતારણ ભજનાવળી નામનો

ગ્રંથ આપનેજ અર્પણ

કરૂંછું તે સ્વીકાર

કારશોજી.

લી. વ્યાસ દલસુખરામ દલપતરામ

મુ. મોડાસા.

મનહર.

શેઠ રણછોડ સૂરા, પુન્યમાંહે પુરેપુરા,
ધર્મીષ્ટ ધરમ જેવા, ગામમાં ગણાય છે;
અધીકાર ઇંદ્રતુલ, નથી એમનામાં ભુલ,
વિક્રમ ને ભોજરાજ, જેવા એ જણાય છે;
પુન્યની બાંધી છે પાજ, રાંકની રાખોછો લાજ,
કિર્તી કરણ જેવી, જાણી ચીત્ત ચાય છે;
કહે દલસુખ વ્યાસ, આવ્યો છું તમારી પાસ,
આ અલ્પમતિનો ગ્રંથ, આપને અપાય છે.

લી. પોતેજ દલસુખરામ.

ગ્રંથ સ્વીકારી પત્રીકાની પાંચ રૂપીઆ ભેટ આપવા કબુલ કર્યું તેથી કહુંછું કે કૃષ્ણજી આપનું કલ્યાણ કરો, ભગવાન તમારા ભંડાર ભરો, આ વ્યાસ દલશુખની વાણી ફળો, એજ મારો આશીરવાદ છે.

ભવતારણ ભજનાવળી.

શ્રી ગણપતિની સ્તુતિ.

પદ ૧ લું.

હે ગણપતિ, આપો સન્મતિ;
શંભુસુત સાંય કરો, દુઃખ ન રે' રતિ. ટેક.
પાપ તાપ પરિતાપ મટાડો, કરગરૂ વારંવાર;
દયા કરો દીન દાસના ઊપર, માનીશ હું ઊપકાર. ૧
તેત્રીશ કોટી દેવ મંહીરઃ પુજન પેલુ થાય;
સુંઢાળાનું સમરણ કરતાં, સંકટ સરવે જાય. ૨
ભરૂસો મુજને છે ભારે, મારે આપની આશ;
ગ્રંથ રચવા ગતિ આપજો, રાખુ હું વિસવાસ. ૩
હુમતા મમતા મારી ટાળો, પોચાડો મન કોડ;
વ્યાસ દલસુખ વાણી બોલે, જયજય શ્રી રણછોડ. ૪

પદ બીજું.

દોહરા.

બ્રહ્મ પુત્રી સરસ્વતિ, નમી નમી લાગું પાય;
કૃપા કરો મુજ રંકપર, ગ્રંથ ચાલતો થાય.
મોર વાહન તું માવડી, બેઠી ખાંડા ધાર;

દયા કરો દીલ લાવીને, છે તારો આધાર.

હુ સેવક છું તમતણો, તમપર ઝઝી હામ;
દોષ ના જોશો દીલમાં, કે છે દલસુખરામ.

પદ ત્રીજું.

નામની, નામની, નામનીરે, લ્હે લાગી હરિના નામની.
ચારે અવસ્થામાં ત્રીકમ દેખું છું,
માળા ઝાલી છે ખરા કામનીરે. લ્હે૦ ૧
શત્રુને મીત્ર સરવે સરખા દીસે,
ભરપુર ભરેલી પ્રજા રામનીરે. લ્હે૦ ૨
દીલમાં દીઠાને દુઃખ મારૂં દોડ્યું,
સુરતા લાગી છે મારા શ્યામનીરે. લ્હે૦ ૩
દલસુખ કે' છે પ્યાલો પ્રેમનો મેં પીધો,
ભુલો નહિ પડુ દેખી ભામનીરે. લ્હે૦ ૪

પદ ચોથું.

હાંરે મોત માગ્યુંરે, મોત માગ્યું, એને હાથે કરીને મોત
માગ્યું. ટેક.
નાટક જોવામાં દોડયો દોડયો જાયછે,
ભજનમાં ભુંડુ એને લાગ્યું. હાંરે૦ ૧
ભવૈયા રમે ત્યાં જોવાને દોડે,
ત્યાં તો મુરખ બેઠુ જાગ્યું. હાંરે૦ ૨
નટ રમે ત્યાં નાઠો નાઠો જાયછે,
ચીત્ત જેવા વિષે લાગ્યું. હાંરે૦ ૩

ભોગ જોગે કદી કથામાં આવે,
ડોકી ડોલીને ઊંઘવા લાગ્યું. હાંરે૦ ૪

હલસુખ કેછે દેખી દૂર ખસીએ,
ઊંઘી ઉઠયું કે ઝટ ભાગ્યું. હાંરે૦ ૫

પદ પાંચમું.

ઓ રાંણાજી રામની સંઘાતે રાડ ના કીજીએ.—એ રાગ.

પ્રભુ પાવન કરોરે (૨) હે દયાળું દાસ તમારો જાણી
કહ્યું કબુલ કરો હેત અતિશે હૈયા વિશે આંણી. ટેક.
મને માયા જાળ નાંખે મારી, તેથી લ્યોને તમે ઊગારી;
ગુણ ગાઉ તમારા ગિરધારી. પ્રભુ૦ ૧
શુદ્ધ મતિ તમે આપો સારી, એથી ચડતી દશા થાયે મારિ;
આપ લ્યોને અરજી સ્વીકારી. પ્રભુ૦ ૨
દુરગુણ સંગે ડાપણ ખોયું, હું મુરખનું મનડું મોહ્યું;
આ સ્વરૂપ સામું નવ જોયું. પ્રભુ૦ ૩
હવે પોતાનો કરી થાપો, કાપો પાપ તાપને પરીતાપો;
કહે હલસુખ દયા સંતોષ આપો. પ્રભુ૦ ૪

ગીતી.

આળસ તજને તું અભાગી, જો જાગી અંતર અજવાળી;
ભૂલ્યો ભટકે ભવમાં, છે શુન શીખરપ: મોરારી.

પદ છઠું.

રાગ ઉપરનો.

ઓ જુગજીવન, ઓ જુગજીવન, વાંક ના જોશોરે મુજ રાંકનો.

કહો કેમ ફરે (૨) લખ્યો લેખ જે વિધાત્રીના ટાંકનો. ટેક.
દલસુખ દુરગુણમાં ફરીયો, વળી કામ ક્રોધનો હું ભરિયો;
તેથી ભવસાગર ના તરીયો. ઓ જુગજીવન ॥૨॥ વાંક૦ ૧
છો નીતીમાં તમે નારાયણ, હવે રોજ કરીશ હું પારાયણ;
તમે સીતાપતિ જગ તારાયણ. ઓ જુગજીવન ॥૨॥ વાંક૦ ૨
સૌ છોડીને સેવું તમને, અકકલ એવી આપો અમને;
ઘણું શું કહીએ વ્હાલા તમને. ઓ જુગજીવન. ॥૨॥ વાંક૦ ૩
તમ વિના દુઃખ કોને કહીએ, આવી ચરણમાં શરણ રહીએ;
કહે દલસુખ ગુણ તારા ગઈએ. ઓ જુગજીવન ॥૨॥ વાંક. ૪

પદ ૭ મું.

રાગ ઉપરનો.

ઝટ સમજી જારે (૨) ઝીતી બાજી સીદ જાય છે હારી;
જરા મનમાં વિચાર, સુધરવાને ગાને તું ગિરધારી. ટેક.
તેં લક્ષ ચોરાસી જન્મ ધર્યા, બહુ ભોગ ભોગવી ભોમી ફર્યા;
ઘણા દૂરગુણ તારે પેટ ભર્યા. (૨) ઝટ સમજીજારે. (૧)
તે કંઈક જણાને રંજાડ્યા, કંઈક ભોળવી ભૂલા પડયા;
દુઃખ દેઇ સુખ દા'ડા કાહાડયા. (૨) ઝટ સમજીજારે. (૨)
ત્રીકમથી ટેકજ નવ ધરે, જેમ ફાવે તેમજ તું તો ફરે;
ઝટ આડે માર્ગે જઇ મરે. (૨) ઝટ સમજીજારે. ૩
મેલ પરાઇ વાતો તું પડતી, તારી કટેવ કરેલી તુંને નડતી;
તારે હૈયે હોળી છે બળતી. ઝટ સમજી જારે (૨) ૪
તને પરનારીની પ્રીત ગમી, વિષયમાં તારી બુદ્ધી ભમી;

કરે કામ તોય વૃત્તિ નવ સમી. ઝટ સમજી જારે (૨) ૫
હવે સંગ તેનો તો પરહરીએ, રોજ સત્ય સમાગમ જઇકરીએ,
કહે દલસુખ તે વડે તરીએ. ઝટ સમજી જારે (૨) ૬

પદ ૮ મું.

છપ્પો.

ભક્તિ કરને ભાઈ, મુરખ શું મનમાં માલે,
ઘેરી લેશે કાળ, પછી તારૂં નહિં ચાલે;
જઇશ પછી જરૂર, ઊર વિચારી લેજે,
આશા તૃષ્ણા માર, નામ કૃષ્ણનું કેજે;
અવસર ચુકયા જનો, તે પાછળ પસ્તાય છે,
કે' દલસુખ ગદ્ધા થઈ ગુણ લઇ, રોજ ડફણાં ખાય છે.

ગીતી.

કૃષ્ણ કમાણી કરને, ઘરને તુ ધીરજ ઊર ધારી;
ખટપટ મનની મેલી, ચટપટ ચેતી જોને વિચારી.

પદ ૯ મું.

લાલ વ્હારે ચડો તો વેલા આવજોરે—એ રાગ.

પ્રેમ ધરીને હરી સંભાળજોરે,
નામ લેતાં રોકે તેને વાળજ્યોરે. ટેક.
કોઇ ભાવથી તે રામરામ બોલશેરે,
તેના અંતરના પડદા ખોલશેરે. પ્રેમ૦ ૧
કોઈ હરિ તે હરિજ કરશેરે,
તેને દેખીને પાપ સૌ ડરશેરે. પ્રેમ૦ ૨

કોઇ હરિ તે હરિજ કે'શેરે,
તે તો હરિ ચરણુમાં રેહેશેરે. પ્રેમ૦ ૩
કોઇ વિઠુલવર સંભાળેરે,
તેને ત્રીલોકનાથજ તારેરે. પ્રેમ. ૪
જેને પ્રભુ સંધાતે લાગ્યું ધ્યાનરે,
તેને ત્રીલોક વિશે માનરે. પ્રેમ. ૫
જેનું પ્રભુ સંધાતે મન ભળીયુંરે,
તેને દેખીને દુઃખ સૌ ડરીયુંરે. પ્રેમ. ૬
જેનું મોહનમાં મન મળીયુંરે,
તેને સંસારનું ગાળીયું ટળીયુંરે. પ્રેમ. ૭
જેને સાંમળીનો સંગ કરીયોરે,
તેતો સંસાર સાગર તરીયોરે. પ્રેમ. ૮
જેને સામળીયાનો સંગ રાખ્યોરે,
તેણે સંસારનો કુચો કાઢી નાંખ્યોરે. પ્રેમ. ૯
જેને સાંમળી સંધાતે થઈ પ્રીતરે,
તેતો કેવાય સરવા ઝીતરે. પ્રેમ. ૧૦
નથી જમનો પછી તેને મારરે,
કહે દલસુખ ઊતર્યા એ પારરે. પ્રેમ. ૧૧

પદ ૧૦ મું.

જ્યાં સુધી આતમા અંગમાં છે ત્યાં સુધી હરિ હરિ તું કે એ રાગ
જ્યાં લગી પંડમાં પ્રાણુ છે, ત્યાં લગી નામ નારાયણુ દે;
આ પલકની ખબર નથી હ્યા, માથે મરણુનો ભે. જ્યાં૦ ૧

કેહેવા સરીખું કૃષ્ણ નામ છે, કહી શકાય તો કે. જ્યાં૦ ૨
લેવા સરીખુ હરિ નામ છે, લઇ શકાય તો લે. જ્યાં૦ ૩
દેવા સરીખુ અન્નદાન છે, પુન્ય કરિ ના કે. જ્યાં૦ ૪
ઘડી પલકનો નથી ઉધારો, દલસુખ સુખ દુઃખ સે. જ્યાં૦ ૫

પદ ૧૧ મું.

રામ લક્ષમણ વનમાં સધારીયા—એ રાગ.

ભાઇ તું કરને પ્રભુ સાથે પ્રીતરે
માન્ય માન્ય મારૂ તુ ખચીતરે
આતો રૂડો અવસર તારો જાયરે
તને વિચારવુ નવ થાયરે
જાગ્ય જાગ્ય ઊંઘે શુ અઘોરીરે
ટુટી જાશે આયુષની દોરીરે
ખરૂ કહુ છું ખબરદાર થજેરે
રોજ હરિ કથામાં તું જજેરે
એક ચીતે સાંભળવી જો કથારે
બીજી વાત મુકી દેવી વૃથારે
કૃસ્ન ચરણુ ચીત્ત ચોડી દેવુંરે
સૂરતા રાખીને સાંભળી લેવુંરે
હરિ ચરણુ ચીત્ત તારૂં ભળશેરે
ત્યારે અવિદ્યા તારી તો ટળશેરે
કુ પંથે જતાં મન ખળશેરે
શ્યામ સંગે સારો લાભ મળશેરે

સાચું માનોને તમે મુજ ભાયારે
લક્ષ ચોરાસી ફરીને આયારે
માહ્યા માંઘો મણી તને મળીયોરે
નાંખ્યો કચરામાં ને ખાળે પડીયોરે
અરૂ રત્ન ખરાબમાં ખોંચુરે
મૂળ સ્વરૂપમાં મૂળગું ના જોયુંરે
ત્રષ્ના તરંગમાં તુંતો તણાયોરે
એક પલક પુરસોતમના ગાયોરે
પુત્ર પરિવારે ઘણો ભાવ્યોરે
હરિ ભજવાનો વખત ના આવ્યોરે
પ્રભુજીમાં તો પ્રેમ ના પેઠોરે
ઠાકોર ભજવા ઠરી નવ બેઠોરે
હાથે કરી બગાડી તેં બાજીરે
કેછે દલસુખ નામ હેજ્યો ગાજીરે

પદ ૧૨ મું.

લાલ ડંકો વાગ્યોછે તારા દેશમાંરે એ--રાગ.

ભુંડો ભવમાં તે ગોથાં ખાયછેરે,
એ તો દારા સંગે ડુબાયછેરે. ભુંડો ૧
સુરતા કરીને સટકો છે એમાં,
ખાંતેથી ખત્તા એ ખાયછેરે. ભુંડો. ૨
અવળી વાતે એ સવળો વળે છે,
પાછળથી પુરો પસ્તાયછેરે. ભુંડો. ૩

સાર અસાર સમજતો નથીરે,
પાણી પીને પુછવા જાયછેરે. ભુંડા. ૪
દલસુખ કેછે દૂર કર દૂરગુણ,
સમજીને મુકે સારૂ થાયછેરે. ભુંડા. ૫

પદ ૧૩ મું.

મોત માગ્યુંરે મોત માગ્યું—એ રાગ.

હાંરે નામ દઇએરે નામ દઇએ,
હાંરે રોજ હૈયા વિશે તે હરિ કહીએ. ટેક.
કોટી જનમના પાપજ હોય પણ,
નામ દીધાથી પાવન થઇએ. હાંરે રોજ. ૧
નારાયણનું નામ નીરમળ કાવે,
ગર્વ મુકીને ગોવીંદ ગઇએ. હાંરે રોજ. ૨
પ્રેમરસ પીજીએ જરા ન બીજીએ,
સંતોના ચરણમાં રહીએ. હાંરે રોજ. ૩
કથા ને પુરાણ પુરાં સાંભળીએ,
જ્ઞાન ગંગામાં નીત નાહીએ. હાંરે રોજ. ૪
દલસુખ કહેછે પ્રેમમાં પ્રગટ છે,
બીજાને બાથે ના દઇએ. હાંરે રોજ. ૫

પદ ૧૪ મું.

રાગ ઉપરનો.

સંકલ્પ વિકલ્પ ટળીયા, સાહ્ય કરૈને મારી શામળીયા;
મને માધવ મથુરાંના મળીયા. સાહ્ય કરૈને મારી શામળીયા. ટેક.

ઘણા ભકતોનું તમે દુ:ખજ ભાગ્યું,
મેહેર કરીને મને ફળીયા. સાધ્ય. ૧
અંતરનો જ્યારે દીઠો ઊભળકો,
ચેતનમાં ચેતન મળીયા. સાધ્ય. ૨
જીવ ટળી જ્યારે શીવ થઇ બેઠો,
ત્યારેજ ઠેકાણામાં ઠરિયા. સાધ્ય. ૩
ધુન લાગી છે મને ધરણીધરની,
પાપી દેખી મને ડરિયા. સાધ્ય. ૪
દુરીજન હોય તે દુરગુણ દેખે,
દલસુખ સ્યામ સંગ કરિયા. સાધ્ય. ૫

પદ ૬૫ મું.

અગ મોરારે નફ્ફ્ખોફ જાન શીદ તેડીતી. એ રાગ.
વીઠ્ઠલ વરને વીસારે, તુંતો દુ:ખમાં ડુબાઇશ. ટેક.
પછી પાછળથી પસ્તાઇશ,
વળી માર ઘણો તું ખઇશ;
પછી બાવરો બનીશ, વીઠ્ઠલ વર. ૧
લોભે લેવાઈ ગયો છે,
વખત પુરો થયો છે;
કાળ તાકી રહ્યો છે, વીઠ્ઠલ વર. ૨
થાશે ઓચીંતુ અધારૂં
નથી નાઠાનું કંઈ બારૂં;
હવે કહ્યું કરે તો સારૂં, વીઠ્ઠલ વર. ૩

હરિ ભજીને તું જીત,
રાખ રૂડી તું તો રીત;
કે' દલસુખ માન પતીત, વીઠ્ઠલ વર. ૪

પદ ૧૫ મું.

રાગ ઉપરનો.

ભક્તી કરતો નથી કેમ, કોલ સીદ કર્યો તા. ટેક.

તું તો ચાલે જેમ તેમ. કોલ. ૧
તું તો દેવાળામાં ડુલ્યો. કોલ. ૨
બ્હાર આવીને તું ભુલ્યો. કોલ. ૩
તું તો તોફાને તૈયાર. કોલ. ૪
ભોજન કરવામાં હુંશીયાર. કોલ. ૫
આડી અવળી ફાલી વાત. કોલ. ૬
હેક બન્યો તું કમજાત. કોલ. ૭
વા'લું લાગ્યું તને નાણું. કોલ. ૮
ના જોયું રાતને વા'ણું. કોલ. ૯
દીવસ ઉપર દીવસ જાય. કોલ. ૧૦
તોયે વીચાર નવ થાય. કોલ. ૧૧
હવે ફરે જુડા ફંદ. કોલ. ૧૨
વ્હાલો લાગ્યો એ આનંદ. કોલ. ૧૩
ભોગ દેખીને ભરમાયો. કોલ. ૧૪
જરા એમાં ના શરમાયો. કોલ. ૧૫
લાભ ખોઇ લીધો ટોટો. કોલ. ૧૬

અંતે ખેલ છે એ ખોટો. કોલ. ૧૭
શું વચન વીલો થઈશ. કોલ. ૧૮
ત્યારે જખ મારતો જઇશ. કોલ. ૧૯
માટે ચાલો હવે ઠીક. કોલ. ૨૦
શાખ કાળ તણી બીક. કોલ. ૨૧
ઝાલી ઝડપ લેઈ જશે. કોલ. ૨૨
પછી પસ્તાવાનું થશે. કોલ. ૨૩
જીતી બાજી સીદને હારે. કોલ. ૨૪
સાથે શું આવશે તારે. કોલ. ૨૫
કર તેનો તું વિચાર. કોલ. ૨૬
રાખી લેને સાચો સાર. કોલ ૨૭
તોતો તરી ઉતરે પાર. કોલ. ૨૮
ભજ દલસુખનો કીરતાર. કોલ. ૨૯

પદ ૧૭ મું.

ગુલાબવાડી ચઉટા વચ્ચે રોપીરે. એ રાગ.

સમરણ કરતાં શરમ આવે છે શાનીરે,
ઘડી પલકમાં થઈ જવાની હાનીરે;
ખબર નથી કે ખાશી રીતે રહીશુંરે,
ભજન વિનાતો નક્કી ગોથાં ખઇશુંરે.
જે તર્યા તે ભજન તણા પરતાપરે,
સઉનો સાચો શામળીયો છે બાપરે;
સાચા બાપને સીદ વીસારે ભાઇરે,

વીચાર કર તું વીરા મનની માંહીરે.
સુધરવાનું શોધી કાઢો કાજરે,
તે વીનાતો નહી રે'વાની લાજરે;
નામ ભજોતો કાજ તમારાં થાયરે,
જનમો જનમનાં પાપ પલકમાં જાયરે.
જેણે કરી પરમેશ્વરમાં પ્રીતીરે,
મટી તેને કાળ તણી સઉ ભીતીરે;
જેણે કર્યો પરમેશ્વરમાં પ્રેમરે,
તે નરતો રહેવાનો કુશળક્ષેમરે.
જેણે કરીઓ શામળીયાશું ભાવરે,
તેણે લીધો આ દુનીયામાં લાવરે;
જેણે કરીયો પ્રભુજીથી સ્નેહરે,
પછી તેની થઇ પવીત્ર દેહરે.
જે નરને વ્હાલા છે જાદવ રાયરે,
તે નરનાં તો કારૂજ ધાર્યાં થાયરે;
દીલ ચોટયું તો ડર નથી લગારરે,
દલસુખ કે'છે સમજી લે આ સારરે.

પદ ૧૮

હાંરે મોત માગ્યુરે મોત માગ્યું એ રાગ.
હાંરે મને મળીયોરે મને મળીયો,
પેલો કાનુડો કૃષ્ન મને મળીયો. ટેક.
તનમાં તૃષ્ના અંતરમાં એની,

દેખી દોડીને કહાડીયો; હાંરે પેલો. ૧
ચોકસ ચીત્ત મારૂં ચોરી લીધું છે,
આગળ આવીને પાય પડીયો; હાંરે પેલો. ૨
પ્રીતી લાગી પ્રાણજીવનની,
હરખે સાંભળે શામળીયો; હાંરે પેલો. ૩
રોકી ઉભો છું નહીરે જાવા દઊં,
વાલાની સંગે જઈ ભળીયો; હાંરે પેલો. ૪
ફલગુણ કહે આ પ્રેમનું પારખું,
સાચ્ચેઃ હોંસ તો હરી જડાશે; હાંરે પેલો. ૫

પદ ૧૯ મું.

મારા શ્યામ નથી શરમાતા, આખણુ આંગ તારે.
લાલા લક્ષમીવરને ભજીયે, સુરખ માનવીરે;
લાલા લક્ષ્મીવરને ભજીયે. ટેક.

કાયા પાણીનો પરપોટો, ભરૂસો તેનો કહીએ ખોટો;
તેનો અભીમાન તજીરે, લાલા લક્ષમીવરને. ૧
પરમાર્થમાં થાને પેહેલો, હરિ ભજનમાં જાને વ્હેલો;
શ્યાંમની સેવા સજીયેરે, લાલા લક્ષમીવરને. ૨
દુરગુણમાં દુઃખ કહીએ મોટું, હરિહર વીણુ સરવે ખોટું;
ના જઈએ કોઈના કજીએરે, લાલા લક્ષમીવરને. ૩
દલસુખ વ્યાસ કે' ડાહાપણ રાખો, કુસંગને કાડી સૌ નાંખો;
પાપ કામે પગલું દેતાં ખીજીએરે, લાલા લક્ષમીવરને. ૪

પદ ૨૦ મું.

ત્રણ લોકની રૂજની જાય કઇ પેરની. એ રાગ.

જાગ્ય જાગ્યને જાગી જોને જીવડા,
ઊંઘમાં તારૂં બુડવા બેઠું વહાણજો;
તારણમાં તો ખુલ્લું દેવજી દેખાએ,
જેને ઉધારમાં જોયો નહિં એક જંઇજો. જાગ્ય. ૧
માયા મોહ મમતામાં જાયે મરી,
એક ઘડી પણ સમરે નહિં શ્રી રામજો;
અંધાર પછેડો ઓઢીને તું આથડે,
ભુલી ગયો તું મુળ સ્વરૂપનું ભાનજો. જાગ્ય. ૨
સુધરી જાને સત સંગમાં જઇ ભળી,
સાચા ગુરૂનો સોધી કાઢજો સંગજો;
તે ઓળખાવે અંતર આતમરામને,
ગુરૂ પ્રતાપે કહે છે દલસુખરામજો. જાગ્ય. ૪

પદ ૨૧ મું.

ભજીલ્યો ભજીલ્યો ભજીલ્યોરે, રઘુવરને ભાઇ–એ રાગ.

ગોવીંદ ગોવીંદ ગાઇએરે, દેહ રહે ત્યાં સૂધી;
શુભ મારગ સંચરીએરે, સોધી સારિ બુદ્ધી.
દયા દીનતા ધરીએરે, કરીએ સંગ સારો;
કુડ કલપના કાઢીરે, જેહેતું મન વારો.
નેક ટેક રાખીનેરે, ઝટ કરીએ કામ;
ભાવ ધરીને ભજીએરે, સીતાપતિ રામ.

બીજી વાસના બાળીરે, તજીએ તે તમામ;
અંતે એ અથડાવેરે, નહિ આવે કામ.
રાવણ કરણ દુરિયોધનરે, ગયા સંપતિ મુકી;
સાથે કાંઇ નવ લીધુંરે, દીધા તેમને ફૂંકી.
તલમાત્ર નથી તારૂ રે, તું તપાસ તનમાં;
પુન્ય પાપ થસે સાથે, જાણી લે મનમાં.
આજ કાલ તારે જાવુંરે, નથી ઘડીનો ઉધારો;
કાળ ફાળ માથે મારેરે, હવે કરોને સુધારો.
અધીપતિ એણે રોળ્યારે, માર્યા બહુ બળમાં;
લાગ આવે નવ ચુકેરે, પકડીલે પળમાં.
પછી પડયું રહેવાનુંરે, કરવાનું કરને:
દલસુખના વ્હાલાનુ રે ધારિ ધ્યાન ધરને.

પદ ૨૨ મું.

રાગ ઉપરનો

પુરસોત્તમ પ્રીતમ પ્યારારે, દલસુખના વ્હાલા;
અરજ ઉરમાં ધરજ્યોરે, કરૂં કાલાવહાલા.
દુરમતિનો ભરીયોરે, ફરિયો ફોગટમાં
કામ ક્રોધ વળી મારેરે, ભરપુર છે ઘટમાં.
પ્રપંચ પાપની પ્રીતીરે, ભિતિ નવ રાખી;
લોભ લાભમાં લળીયોરે, જુઠી વાત ભાખી.
દગાખોર દલસુખ છુ રે, અડી જીભ ઘાલું;
બોલીને બગાડુ રે, ના જોઉં સગુ વહાલું.

ચાડીમાં ચતુરછુંરે, લઢવામાં સૂરો;
પુન્યમાં પાછો પડુછુંરે, કજીયામાં પુરો.
બળે કરીને બાઝુંરે, લઢતાં નવ લાજું;
અનેક અવગુણ મુજમાંરે, શું કહું મુખ ઝાઝું.
સંત મહંત કોઇ આવેરે, તેનો ભાવ નવ પુછું;
સેવા તેની નવ થાયેરે, પાપી પુરો છું.
ખરૂ કારજ મેં ખોયુંરે, બુડવા વા'ણ એકું;
બીલાડું બારણે કાઢતાંરે, ઉરતું ઊંટ પેકું.
ભેદ તેનો મેં જાણ્યોરે, અંતર વિચારી;
દોશ મારો નવ જોશોરે, લ્યોને ઉગારી.
ક્ષમાના કરનારારે, બાપ તમને કહુછું;
શુભ રીતીને ઝાલીરે, તુજ શરણ રહુંછું.
અંતે ધર્મની જય છેરે, મેં નિશ્ચય કર્યું છે;
તુજ નામે પાપ નાઠાંરે, જોઇ મન ઠર્યું છે.
નામ કદી નહિં ભૂલુંરે, ભૂદરજી મારા.
તન મન ધન તમે મારૂંરે, ગુણ ગઇશ તમારા;
દોશ કરમ દૂર રહેશેરે, મનમાં મને લાગ્યું;
દીનાનાથ દયાળુરે, દુઃખ તમે જે ભાગ્યું.
માલીક જ્યારે જાગ્યોરે, દેખી ચોર નાઠા;
પકડવાની બીકેરે, ગરવા થઇ ગાઠા.
પછી બીક રહી કોનીરે, જુનોને તપાસી;
દલસુખ દલમાં ભજીલેરે, મટી જાય ઉદાસી.

પદ ૨૩

વાંચીને વિચારો આ શીખામણનો રાજીયો.

ઓ મુરખારે, નામ વિના બીજુ સૌ ખોટું.
ઓ મુરખારે ધણીનુ નામ છે તે મોટું;
ઓ મુરખારે તેના વિના તરવાનો નથી,
ઓ મુરખારે, મારૂ મારૂ શીદ મરે મથી.
ઓ મુરખારે, ભજીલે સીતારામને,
ઓ મુરખારે, અંત વખતના કામને;
ઓ મુરખારે, પાપ થકી તો તું ડરજે,
ઓ મુરખારે, સત સંગ હવે જઇ કરજે.
ઓ મુરખારે, માન મુકીને મરમ લઇએ,
ઓ મુરખારે, હૈયામાં હરિ નામ દઇએ;
ઓ મુરખારે, ભજન વિના ભય નહિ ભાગે,
ઓ મુરખારે, એ વિના બીજું કામ નહિ લાગે.
ઓ મુરખારે, મહા પુરૂષનો સંગ કરીએ,
ઓ મુરખારે, પરોપકારાર્થે જઈ ફરીએ;
ઓ મુરખારે, હરી વીના નથી કોઇ બેલી,
ઓ મુરખારે, પર નીંદાને દે મહેલી.
ઓ મુરખારે, ગેલ મમત હવે ઠાલો,
ઓ મુરખારે, વ્હાલો કર વીઠલ વ્હાલો;
ઓ મુરખારે, પ્રીતી કરને પ્રેમ થકી,
ઓ મુરખારે, માની લેજે મનમાં નકી.

એ! મુરખારે, જાગે તો જોખમ જાશે,
વ્યાસ દલસુખ કે, નહિ ભજે તો ગોથાં ખાશે.

પદ ૨૪.

હાંરે ચાલો ડાકોરમાં જઇ વશીએ, એ રાગ.

રામ નામ સરવે કહેજોરે,
તમે હરિ ભજનમાં રહેજોરે;
મનુષ્યાદેહ દેવતાને છે દુર્લભ,
જરૂર જાણી નામ દેજયોરે. તમે. ૧
આ અવસરતો નહિ મળે પાછો,
મુરખને જઇ કહેજોરે; તમે. ૨
વીઠલ ભજવા વાર નવ કરશો,
સુખ દુઃખ શરીરે સહેજોરે; તમે. ૩
દલસુખ કહેછે ગરૂ ગમ થકી,
અંતરમાં ઉતારી લેજોરે; તમે. ૪

પદ ૨૫.

ભુંડા ભજનમાં બોલ ભુંડા ભજનમાં બોલ.
સીતારામ ભજ ભાઇ, સીતારામ ભજ;
મીથ્યા સુખને મેલી દઇ, કપટ તારૂં તજ. ભાઇ. ૧
ભરૂસો ભૂદરનો રાખી, તારૂ દીલ તું તપાસ;
કયાંથી આવ્યો કયાં જવુંછે, ખોળીલે તું ખાસ; ભાઇ ૨
માયા છે મોહનની તે, તારિ કેડે ધાય;
પ્રભુજીથી પ્રેમ થાય તે, દેખી દોડી જાય. ભાઇ. ૩

મન વડે જીતવું'ને, મન કહે હારે હાર;
મન મેળવે રામજીને, સમજ સાચો સાર. ભાઇ ૪.
સાર શોધી રામ ભજે, ઉતરીશ પાર;
હલસુખ કહે નહિ ભજેતે, ખાશે જમનો માર. ભાઇ ૫.

પદ ૨૬.

રાગ ઉપરનો.

હરિને સંભાળ ભાઇ હરિને સંભાળ;
ના કરવાનું કામ કરે લ્યા, મોઢું તારૂં બાળ. ભુંડા ૧.
પાપ કામે પડતું મેલે, પુન્યમાં પાછો જાય.
દયા દીનતા દૂર કરીને, ગોથાં સીઠને ખાય. ભુંડા. ૨.
હરિજન થઇએને, કરીએ સઉની સહાય,
ફેલમાં ફસાઇએ નહીતો, સુખ સારૂ થાય. ભુંડા. ૩
જોઇ જોઇ જોયું ત્યારે, ભજનમાં છે સુખ;
ક્ષણુ માત્રના સુખમાં તો, દીઠું ડુંગર દુઃખ. ભુંડા. ૪
ઢીલાં ઢચ ઢીચણાંને, ધીમે ધીમે જાય;
વાસના વિષયમાં વળગી, તેથી ખત્તાં ખાય. ભુંડા. ૫
કામી સામો નાર જોઈને, મનથી સપડાય;
ભીતરમાં ભાવે તેથી, જાળમાં લપટાય. ભુંડા. ૬
ઉપર તજે અંતર ભજે વિસરી ન જાય;
ઉદરમાંથી ઉલટી થઇ કે, પાછું ના ખવાય. ભુંડા. ૭
એવી રીતે સમજીને, પડી મેલ એ વાત;
સત્ત સંગે સુધરીને, સાચવ તારી જાત. ભુંડા. ૮

કાયા વડે કીરતારનું, કરી લે સમરણુ;
ગુરૂ ગમથી દલસુખ કહે છે, છુટી જાશે રણ. ભુંડા ૯

પદ ૨૭.

ઓ મારા વીરારે, જો સઉ ધીરારે. એ રાગ.

જેશી કૃષ્ણ સઉ હરિ જનનેરે,
સાષ્ટાંગ મારા સત ગુરૂજીનેરે;
પંડના પ્રણામ પ્રાણ જીવનનેરે,
નમસ્કાર મારા નારાયણનેરે.
હાથ જોડું મારા હરીવરનેરે,
પાય પડું મારા પુરસોતમનેરે,
ગુણ ગાઉં હું ગોવીંદજીનારે,
ચીંતવન કરૂં મારા ચત્રુભુજનુંરે.
ભાવ ધરૂં મારા ભુદરજીનોરે,
કામ કરૂં મારા કૃષ્ણજીનુંરે;
સંગ કરૂં મારા શામળીયાનોરે,
ધણી કરૂં મારા ધરણીધરનેરે.
વ્હાલા કરૂં મારા વીઠલ વરનેરે,
દેશ ના જોશો એ દીન બંધુરે;
હાથ ઝાલે ને તારે ભવ સીંધુરે,
લેહ મને મારા લાલની લગીરે.
નિદ્રા ત્યાગીને જોયું જ્યારે જાગીરે,
જાગ્યો ત્યારે ભય મારો ભાગ્યોરે;

પ્રેમ રસ પીતાં મને સારો લાગ્યોરે,
નંદજીના કુંવરની સાથે ચીત લાગ્યુંરે,
તૃષ્ણા તરંગથી મન મારૂં ભાગ્યુંરે,
વાગી કટારી કાળજાની માંહ્યરે;
ભીતર ઉતરી જીવન જ્યાંયરે,
શાંન્તી થઇને ઠાકોરમેં દીઠારે.
રામ નામ લાડુ સાકરથી મીઠારે,
તેની આગળ બીજું સર્વ તુછરે;
ના માને તો હરિજનને પુછરે,
તેથી ના માને તો તું તેવો થાનેરે.
સંદેહ ખોવા તે લાડુ ખાનેરે,
પ્રેમથી ખાધે પારખું પડશેરે;
દલસુખ કહેછે સોધી જુવે જડશેરે,

પદ ૨૮.

સુણો શામળીયા, પ્રભુ પાતળીયા;
દગો દારાને નવ દઇએરે, એ રાગ.
સુણો હરિજન નીરમળ મન રાખી પ્રભુમાં રહીએરે. ટેક.
અવસર રૂડો આવ્યો છે આપણે,
પ્રેમે પ્રભુ નામ દઇએરે; સુણો. ૧
નઉકા રૂપી નામ નારાયણ,
તેના વડે પાર જઇએરે; સુણો. ૨
એહા પછી બીક ન રાખવી,

સત ગુરૂ સાથે લઇએરે; સુણો. ૩
પુરસોતમથી પ્રેમ કરીએ,
સત ગુરૂ વચન સહીએરે; સુણો ૪
હલસુખ કહેછે મન વશ કરી,
ગોવીંદના ગુણ ગઇએરે; સુણો. ૫

પદ ૨૯.

ભાઇ તું ભજને સીતાપતી રામરે. એ રાગ.

કક્કા કરી લેને કૃષ્ણ કમાણીરે,
માથે મરણની મોત નીશાનીરે;
ખખ્ખા ખંતની વાતછે ખરીરે,
ખોટી વાત મુકી દેને પડીરે. ૧
ગગ્ગા ગોવીંદના ગુણ ગાનેરે,
રામ નામમાં તતબર થાનેરે;
ઘઘ્ઘા ઘટમાં આતમરામ રહેછેરે,
એમ ચારે વેદ વાણી કહેછેરે. ૨
ચચ્ચા ચીતમાં ચેતી લેતો સારૂંરે,
તું તો માન કહ્યું હવે મારૂ રે;
છછ્છા છાનીવાને સંભાળોરે,
કટેવને મુળમાંથી કાઢોરે. ૩
જજ્જા જુગજીવનં સાચો કહીએરે,
નિત્ય હરિ ચરણમાં રહીએરે;
ઝઝ્ઝા ઝાંખી જુવેતો જડશેરે,

પ્રીતિ કરીશતો પારખું પડશેરે. ૪
ટટ્ટા ટેક રાખી જોને તનમાંરે,
નીશ્ચય કરી લેને તારા મનમાંરે;
ઠઠ્ઠા ઠાકોર ઠેકાણામાં ઠરિયારે,
આકીનવાળાને નજરે પડીયારે. ૫
ડડ્ડા ડાહ્યો થાને ડહાપણ રાખીરે,
મોહ લોભને મારી નાંખીરે;
ઢઢ્ઢા ઢોલ વગાડીને કહીએરે,
સઉના સારા માટે શીખ દઈએરે. ૬
તત્તા તારૂં તપાશી તુ ચાલરે,
તારે ઓચીંતું જાવું આજ કાલરે;
થથ્થા સ્થીર રહેવું તારે નથીરે,
સાચું માની લેજે સરવથીરે. ૭
દદ્દા દામોદરને તું ભજનેરે,
તારા મનનો ગર્વ તુંતો તજનેરે;
ધદ્ધા ધણીની રાખવી બીકરે,
કપટ કહાડી કામ કરીએ ઠીકરે. ૮
નન્ના નારાયણનું નામ સાચુંરે,
તારૂં કાયાનું કોટડું કાચુંરે;
પપ્પા પુરશોતમની કરવી પ્રીતરે,
નિતિ રાખેતો નીરખે નીતરે. ૯
ફફ્ફા ફોગટમાં નવ ફરીઓરે,

નેક ટેકની ભક્તિ તો કરીએરે;
બખ્ખા બોલે તેને જાણી લઇએરે,
ત્યારે ભવ સાગર તરિ જઇએરે. ૧૦
ભભ્ભા ભુદરને ભાવે ભજીએરે
માન બડાઇ ઇરષાને તજીયેરે;
મમ્મા મોંઘો મનુષ્યનો દેહરે,
એક સાચો સામળીયાનો સ્નેહરે. ૧૧
રર્રા રણછોડ ભજે રણ છુટેરે,
તારી આયુષ દોરીનો ટુટેરે;
લલ્લા લાભ છે લક્ષ્મીપતિમાંરે,
સુખ સોધેતો શુભ મતિમાંરે. ૧૨
વવ્વા વિઠ્ઠલ વરને સેવોરે,
સાંધો સરતો છે મીઠો મેવોરે;
શશ્શા શાંતિ રાખે ભ્રાંતિ ભાગેરે,
જેને તનમાં અંતરજામી જાગેરે. ૧૩
હહ્હા હરી ભજે દુખ જાયરે,
તેનું ભરાયું ડગલું ભરાયરે;
અવર ઉપાય નથી બીજેરે,
મુકી મમતાને પ્રેમ રસ પીજેરે. ૧૪
ફરી ફરી ના આવે આ ટાણુંરે,
દલસુખ કેછે ઝાઝું શું વખાણુંરે;

પદ ૩૦.

રાખ ઉપરનો.

નિતિ રાખી નારાયણુને ભજીએરે,
અંતરમાંથી અભીમાન તજીએરે;
સાચું જાણો શામળીયો છે સાચોરે,
તમે રૂપ રંગે શું રાચોરે. ૧
મળ મૂત્રની ભરીઆ કાયારે,
ભુલી ભાનને શું ભરમાયોરે;
એમાં ડાહ્યા કંઇક ડંડાયારે,
પુરા પસ્તાઇને ખત્તા ખાયારે. ૨
જુડા સાથે બાથ શીદ ભઈએરે,
બોધ લેઇ વિચારીએ હઇએરે,
રામ વિના ઠામ નથી ઠાલોરે,
હરસુખ કે'છે સીધા મારગ ચાલોરે. ૩

પદ ૩૧.

નામની નામની નામનીરે, લ્હે લાગી હરિના નામની—એ રાગ.

ગાને ગાને ગાનેરે, ભુંડા ગોવીંદના ગુણુ ગાને ટેક.

કોલ કર્યો તો ને કેમ નથી લજતો,
બાંધી કમ્મર તઈયાર થાનેરે; ભુંડા. ૧
ડાફરોમાં તારૂં મનડું મા'લે છે,
ઠરીને બેસ ઠાકોર માનેરે, ભુંડા. ૨
લાલચમાં તું સીદ લપટાય છે,

હવે હરિ નામ સ્હાનેરે ભુંડા. ૩
હલસુખ કે'છે દીનોનાથ સાચો,
રામ નામ લાડવા ખાનેરે; ભુંડા. ૪

પદ ૩૨.

રાગ ઉપરનો.

ભજીયે ભજીયે ભજીયેરે, એક સાચા ધણીને ભજીયે; ટેક.
સુખ દુઃખ સહીએ સત સંગ જઇએ,
બીજી ઉપાધીને તજીયેરે; એક૦ ૧
ફોગટમાં કદી નવ ફસાઇએ,
ના જઇએ કોઇના કજીએરે. એક૦ ૨
હલસુખ કે છે દુર કર દુર મતિ,
સ્યામની સેવા સજીયેરે; એક૦ ૨

પદ ૩૩.

હાંરે મને મળીયોરે મને મળીયો,—એ રાગ.
દૂર રહીએરે દૂર રહીએ, કારા દેખીને દૂર રહીએ,
'વટલ્યું' વટલાવેને, આભડયું આભડાવે;
એવાની સંગે ના જઇએ, હાંરે અલ્યો કારા દેખીને. ૧
નાક કટ્ટો નાક કટ્ટા કરાવે,
સંગતનાં ફળ ખઇએ; હાંરે. ૨
ભુંડાના સંગે ભુંડું થવાનું,
શુભ મારગ સોધી લઇએ; હાંરે. ૩
હલસુખ કે'છે દુઃખ સઉ જાશે,

ગોવીંદના ગુણ ગઇએ; હારે. ૪

પદ ૩૪.

રાગ ઉપરનો.

કહ્યું કબુલ કરોરે, (૨) આ માયાની જાળમાં સીદ મરો. ટેક.

કાચી છે કાયા ને જુઠી છે માયા,
સુણી શીખામણ નિશ્ચય કરો; આ માયા૦ ૧
ભુલ્યા તે ડુલ્યા દારાના સુખમાં,
સાચી તે સમજણ ચીતમાં ધરો; આ માયા૦ ૨
આશક્તિ કરી નાશ કારકને ચાહોછો,
જુઠામાં જખ મારવાને ફરો; આ માયા૦ ૩
દલસુખ કે'છે મનને મારે તે,
ખાંતીલો જાણવો તેને ખરો; આ માયાં૦ ૪

પદ ૩૫.

રાગ ઉપરનો.

અલ્યા માનરે માન, માનતો કેમ નથી; ટેક.

પેટને અર્થે તું પાપ કરે છે,
એ કટેવ કહાડતો કેમ નથી; અલ્યા. ૧
જુતિયાં ખાવાનો જરૂર જંમના,
કેમ તું મનને મારતો નથી; અલ્યા. ૨
વૃથા જનમારો સીદને ખુવે છે,
કેમ તું દીલથી ડરતો નથી; અલ્યા. ૩
દલસુખ દે છે સારિ શીખામણ,
કેમ તું કહ્યું કરતો નથી; અલ્યા. ૪

પદ ૩૬.

નામની નામની નામની,—એ રાગ છે.

મેલને મેલને મેલનેરે, હવે મારૂં તારૂં તું મેલને. ટેક.

પર નીંદામાં પુરો પડે છે,
છોકેલા છોડએ ફેલનેરે; હવે મારૂ. ૧
સવળાનું અવળું કરવામાં રાજી,
કરાડ અંતરના તું મેલનેરે; હવે મારૂં ૨
તારૂંને મારૂં તે તો છે ખોટું,
ખરી બાજી તું ખેલનેરે; હવે મારૂં. ૩
દલસુખ કેછે ડહાપણુ રાખીને,
અવળો મારગ આઘો ઠેલનેરે; હવે મારૂં. ૪

પદ ૩૭.

રાગ ઉપરનો.

પ્યારિ પ્યારિ પ્યારિરે, જુડી જાણો જગતની નારી. ટેક

ઊડીરે વાત અબળાનીરે કાવે,
ફોગટ ફસાવે ફેલ કારિરે; જુડી જાણો. ૧
રહે બિસવાસ તો કરે કદી નાસએ,
કાળજામાં કપરી કટારીરે; જુડી જાણો. ૨
પરાયા નર જોઇ નૈન નચાવે,
નરકે નંખાવે ભુંડી ભારીરે; જુડી જાણો. ૩
દલસુખ કેછે સંગ નવ કરીએ,
બચવા શોધીએ બારીરે; જુડી જાણો. ૪

પદ ૩૮.

રાગ ઉપરનો.

તારી તારી તારીરે, નથી તનની નાડી અલ્યા તારી. ટેક.

જ્યાં લગી જીવ છે ત્યાં લગી તારી,
અંતે તો અળગી થનારીરે; નથી તનની. ૧
મોહ માયામાં માલ નથી અલ્યા,
ગાજીને ગા ગીરધારીરે; નથી તનની. ૨
સંસારનાં સુખ તે ઝાંઝવાનાં જળ છે,
પાછળ પસ્તાવાનું ભારીરે; નથી તનની. ૩
દલસુખ કહેછે સાંભળ શીખામણ,
રામનું નામ આનંદ કારીરે; નથી તનની. ૪

પદ ૩૯.

રાગ ઉપરનો.

ન્યારી ન્યારી ન્યારીરે, ગોવીંદની ગતિ ઘણી ન્યારી. ટેક.

મંગળ મુર્તી શોભે સારી સૂરતી,
વીઠલ પર જાઉં વારી વારીરે, ગોવીંદ. ૧
અવની આકાશ સ્વર્ગ પાતાળમાં;
ખેલદા ખેલે ખુંખારીરે, ગોવીંદ. ૨
સગો સહોદર માને એ બાપ છે,
ગોવીંદ ગોવરધન ધારીરે; ગોવીંદ. ૩
દલસુખ કે'છે નિત્ય નિત્ય નીરખે,
પ્રીતી કરેજો પ્રેમ ધારીરે; ગોવીંદ. ૪

પદ ૪૦.

રાગ ઉપરનો.

ભાવથી ભાવથી ભાવથીરે,
ભાઇઓ ભક્તિ કરોને તમે ભાવથી, ટેક.

ભક્તિ કરશે તેનો ભય ભાગવાનો,
હ્યોને પરમાર્થ લહાવથી; ભાઇઓ. ૧
તન આપ્યું છે તને તારે તરવા,
ભુલો ના પડીશ આ દાવથીરે; ભાઇઓ. ૨
શુભ મતિમાં સુખ ઘણું સારૂ,
તરી જાઓ નામ રૂપી નાવથીરે; ભાઇઓ. ૩
દલસુખ કહે ભગવાન ભજાયતો,
મટી જાય આવાગમ આવથીરે; ભાઇઓ. ૪

પદ ૪૧.

રાગ ઉપરનો.

કરીએ કરીએ કરીએરે, સંગ સદા સારાનો કરીએ; ટેક.

સારી સોબતે સારાં ફળ આવશે,
બુરાના સંગે બુડી મરીએરે; સંગ સદા૦
જેવાં બીજ વાવે તેવાં ઝાડ ઉગશે,
સમજીને ડગલાં ભરીએરે; સંગ સદા. ૨
ગુણીઅલ નર ગોવીંદ ગુણ ગાશે,
ત્યાં જઈને ચીત્ત ધરીએરે; સંગ સદા. ૩
દલપત સુત દલસુખ આ કહે છે,

શાધા વરને વરીએરે; સંગ સદા. ૪

પદ ૪૨.

રાગ ઉપરનો.

જોઈલ્યો જોઈલ્યો જોઈલ્યોરે, અંતરમાંતે આત્મા જોઈલ્યો; ટેક

ધરણીધરની ધાકજ રાખીએ,
મોહનમાં મન મોહીલ્યોરે; અંતરમાં તે. ૧

તપ તીરથ સહુ દેહ દમવાને,
હરી હીરો સીદ ખોઇલ્યોરે; અંતરમાં તે. ૨

ભાગ્ય ભલું તે ભર્તખંડ જનમ્યા,
ડહાપણનો દરીઓ દોહીલ્યોરે; અંતરમાં તે. ૩

દલસુખ કહેછે દાવ સીદ ખુવે,
પ્રેમ રસ પીવા કોઈ લ્યોરે; અંતરમાં તે ૪

પદ ૪૩.

લઇએ લઇએ લઇએરે, લક્ષ્મીપતિથી લહાવો લઇએ; ટેક.

દુનીયા દોરંગીથી નવ ડરીએ,
વહેતા સંગાતે નવ વહીએરે; લક્ષ્મી ૧

વિશ્વંભર વિશ્વનુ દુઃખ ભાગે,
અંતરની વાત એને કહીએરે; લક્ષ્મી. ૨

કડવા કઠણુ કોઈ બોલ બોલેતો,
શાંન્તિથી સાંખી રહીએરે; લક્ષ્મી. ૩

દલસુખ કેછે ઘટમાં ગોવીંદ છે,
જતા સાથે નવ જઇએરે; લક્ષ્મી. ૪

પદ ૪૪.

ઘેલી ઘેલી ઘેલીરે, ગોપી બની કાંનાએ કર્યો ઘેલી; ટેક.

જસોદાનો બાળ કાનુડો કાળો,
દોડી બાળક વ્હાલાં મેલીરે; ગોપી બની૦ ૧
પાય પડી આગળ આવી ઉભી,
આજે આનંદને હેલીરે; ગોપી બની૦ ૨
નંદના લાલા બહુ મને વ્હાલા,
સંકટ કહાડો મારાં ઠેલીરે; ગોપી બની૦ ૩
દલસુખ કહેછે નમું છું નારાયણ,
તમ વિના નથી મારૂં બેલીરે; ગોપી બની૦ ૪

પદ ૪૫.

તનમાં તનમાં તનમાંરે, ત્રીકમ વસ્યોછે તારા તનમાં; ટેક.

કોટી બ્રહ્માંડમાં વ્યાપક વીશ્વંભર,
માનો સાચું તમે મનમાંરે; ત્રીકમ વસ્યો. ૧
શ્વાસો શ્વાસ શામળીયાને ભજીયે,
મોરલી વગાડે રૂડી વનમાંરે; ત્રીકમ વસ્યો. ૨
સર્વ સ્વાધીન છે એને આધીન છે,
ગોવીંદ ગાજે ઘોર ઘનમાંરે; ત્રીકમ વસ્યો. ૩
દલસુખ કે'છે ભૂલ્યા નવ ભમીએ,
માનો પતીત તમે મનમાંરે; ત્રીકમ વસ્યો. ૪

પદ ૪૬.

આપી આપી આપીરે મારા વ્હાલે શુભ મતિ આપી ટેક.
જુગ જીવન મારો જીવન પ્રાણ છે,
કરૂણાથી કુમતી કાપીરે; મારા વહાલે. ૧
જ્યાં જ્યાં જોઉ ત્યાં તેજ મને ભાસે,
સઉમાં રહ્યા શ્યામ વ્યાપીરે; મારા વહાલે. ૨
શીવ શનકાદીક પારનવ પામે,
ના શકુ ગુણ તેના માપીરે; મારા વહાલે. ૩
દલસુખ કહેછે વારે વારે ભજીએ,
લીધો પોતાનો મને થાપીરે; મારા વહાલે. ૪

પદ ૪૭ મું.

કહેવી કહેવી કહેવીરે, અંતરની વાત આજ કહેવી, ટેક.
કૃષ્ણ વિના બીજું કામ નહિ આવે,
સૂરતા શામળીયાની લેવીરે; અંતરની વાત. ૧
ઘરાને ધામ દામ દાટયાં તારાં ર'શે,
કુજેતી જોયા જેવીરે, અંતરની વાત. ૨
હાથે કરીશ તે સાથે તારી આવશે,
વાત આ માનવા જેવીરે, અંતરની વાત. ૩
દલસુખ કે'છે કહો કૃષ્ણ રાધા,
સમજુને શીક્ષ મારે દેવીરે, અંતરની વાત. ૪

પદ ૪૮.

સુખડાની માયા લાગીરે મોહન તારા—એ રાગ.

જીવતરને જુઠુ જાણોરે, કાયા છે કાચી. ટેક.

કાચી કાયા જુઠી માયા, ચોરાશી ફરીને આયા;
સીધા મારગ નવ સાથારે, કાચી છે કાયા. ૧

સુખ છે સંસારી જુઠું, અનુભવ કરિ દીઠું,
દુધમાં સીદ નાંખે મીઠુંરે, કાચી છે કાયા. ૨

હીરો તારે હાથ આયો, કોડીની સાથે ગુમાયો,
સમજીને થાજે ડાહ્યોરે, કાચી છે કાયા. ૩

દલસુખ કહે બલિહારી, ગાને તુ ગીરધારી;
માની લે શીખામણુ મારીરે, કાચી છે કાયા. ૪

પદ ૪૯.

રાગ ઉપરનો.

ઠગલાં ઠરી ભરજ્યોરે, પાપના કામે. ટેક.

પાપનું જે કામ કરશે, રીબી રીબીતે મરશે,
વેળા તેની કેમ વળશેરે, પાપના કામે. ૧

પાપ કામે નવ જઇએ, જઇએ તો દુઃખી થઇએ,
પુરેપુરા પસ્તાઇએરે, પાપના કામે. ૨

પાપી તેને પાપ વ્હાલું, જીવતર તેનું છે ઠાલું;
વાત એની ઢાટી ઘાલુરે, પાપના કામે. ૩

દલસુખ કહે દૂર રહેવું, મનમાં વિચારી લેવું.
જુઠુ આતો નથી કહેવુંરે, પાપના કામે. ૪

પદ ૫૦ મું.

રાગ ઉપરનો.

ઘટમાં ગોવીંદ રહ્યારે, જુવોને જડશે. ટેક.

ઘટમાં ગોવીંદ ગાજે, વ્હાલો મારો ત્યાં બીરાજે,
આનંદનાં વાજાં વાગેરે, જુવોને જડશે, ૧
પ્રેમની જે પ્રીતી કરશે, ખરી તેને ખબર પડશે;
સંસાર સાગર તરશેરે, જુવોને જડશે. ૨
કુસંગને ટાળી દેજો, સત સંગે જઇ રહેજો;
અંતર વિચારી લેજોરે, જુવોને જડશે. ૩
દલસુખ કહે દુઃખ રતિ, સમજ્યા તેને કંઇ નથી,
માની લેને મન થકીરે, જુવોને જડશે. ૪

પદ ૫૧ મું.

રાગ ઉપરનો.

નારાયણનુ નામ સાચુંરે, માની લે મનડા. ટેક.

પરવૃત્તિ પડતી મેલી, બાજી આ સુધાર છેલી,
પ્રભુ વીના નથી બેલીરે, માની લે મનડા. ૧
ત્રીકમની તાંણીએ આશા, બીજી આશા છે નીરાશા,
જુઠા બીજા છે તમાસારે, માનીલે મનડા. ૨
હરજી હૈયામાં ધારો, માયાને મનથી વીસારો;
કરી લ્યો કાંઇ સુધારોરે, માની લે મનડા; ૩
દલસુખે દુઃખ ખોયું, સ્વરૂપ વિચારી જોયું;
મોહન શું મન મોહ્યુંરે, માની લે મનડા. ૪

પદ પર મું.

પ્રીતમ પ્રેમે ખડકને લેઇ, ચાલો સુરવીર થઇ.—એ રાગ

મનથી માયાને મેલી દઇ, ચાલો પંડીત પુરા થઈ;
ના ખરચ્યું ના વાપર્યુંને, લપટાયો માયાની માંહી;
ખાલી ઠાલાનો ઠાઠ કરેછે, સાથે ન આવે એક પઇ. મનથી ૧
કાચી કાયા પર નાચી રહ્યો શું, માન તું મારા ભઇ;
જુઠી માયામાં ઝપટાયો જીવડા, તૃસ્ના તારી ન ગઇ. મ. ૨
આશાના મહેલમાં શીદ અથડાયછે, મોહને વળગી રહી;
જુઠી આશાછે દુઃખનો દરિયો, જાણુજે મોટી ખઇ મ. ૩
ચેતીલે ચીત્તમાં માનીલે રીતમાં, પ્રીતી તું પ્રેમની લઇ;
હુંપદ હવાલદાર કાઢજે વેગળો, સતના સંગમાં જઇ. મ. ૪
મનને જીત્યું તેને દુઃખ નથી રે'તું, જુઠું લ્યા જાણતો નહીં;
ગુરૂ પ્રતાપે દલસુખ કે'છે તારિ, ફોગટ ફજેતી થઇ. મ. ૫

પદ પ૩ મું.

મુખડાની માયા લાગીરે, મોહન તારા. એ રાગ.

સાધન સાધો સરવેરે, અક્કલના અંધા;
વચન મારૂં માનીનેરે, મુકો તમે નીચ ધંધા.
કાયા ઘડ છે કાચોરે, પલકમાં પડી જશે;
ફરી ફરી નહિ મળેરે, પાછળ પસ્તાવો થશે.
ભજીલ્યો ભાવ થકીરે, દુઃખ સરવે દુર થશે;
અંતર અજવાળોરે, મોહન મારો માંય હશે.

સમજીને શુભ ચાલોરે, અશુભ અળગું કરી;
દલસુખે દેખીયારે, ગુરૂજી પ્રતાપે હરી.

પદ ૫૪.

રાગ ઉપરનો.

હરિના ભજન વીનારે, તરવાનું તારે કયાંથી;
જાગ્યા તેનું વાણું વાયુંરે, ફેર ગણો ભુલ્યા ત્યાંથી.
હરીહર સૌમાં ભરીયોરે, કીડીથી કુંજર લગી;
મુરખ નર માને નહીરે, મન તેનુ જાય ડગી.
ભવનો ભુલાસે મોટોરે, ખોટો કોક જાણે છે,
તજીને ઉપાધીનેરે, આતમ સુખ માણે છે.
ભટકાય છે ભેદુ વિનારે, ચોરાશીની ખાણુમાં;
દલસુખ કે' ગુરૂગમથીરે, નવ જુદુ જાણુ માં.

પદ ૫૫ મું.

રાગ ઉપરનો

સમજણુ વિના સુખ શાનુરે, દુઃખમાં દટાય છે;
ચેતી લે ચેતાવુ તનેરે, અવસર રૂડો જાયછે.
મનુષ્યદેહ મળ્યો મોંઘોરે, પુરવના પુન્યથી;
હરીને સંભાળો સદારે, ગુણ ગાવો મુખ થકી.
નવકા રૂપી નામ જાણોરે, સતગુરૂ તારશે;
શરણુ ચરણુ જાવોરે પાર ઊતારશે.
પોતાનો ધારીનેરે, દુઃખ સર્વે કાપશે;
દલસુખ કે'છે કર કહ્યુરે, સુખ અખુટ આપશે.

પદ ૫૬.

રાગ ઉપરનો.

મુમતાને વારો તમેરે, તારણવાળો રામ છે;
ઠામ નથી ઠાલોરે, સાચુ પ્રભુ નામ છે.
કામ કરો કૃષ્નનું રે, ત્રશ્ના તેનીજ રાખી;
લોભ મોહ મારોરે દુરમતિ દૂર નાંખી.
આસા મહેલ ઉંચોરે, ચડશે તે પડશે;
ખોટે દુઃખ છે મોટુંરે, મુવા કેડે રડશે.
જેની જેવી મતિરે, ગતિ તેની તેવી થશે;
દલસુખ તું ખોળ તનમાંરે, પ્રેમ ત્યાં પ્રગટ હશે.

પદ ૫૭.

રાગ ઉપરનો.

જુઠું નવ જાણુશોરે, વેદનું પરમાણુ છે;
ગુરૂજીની સાંનમાંરે, સુરતા નીશાન છે.
સમજે તે નર સૂરારે મન જેને બ્રમ ભાવે,
કાળની ફાળમાંરે, કદી એવા નવ આવે.
રાત દીવસ લ્હે લાગીરે, ભાળ્યા જેણે વનમાળી,
ટેક તેનો નવ ટુટેરે, રાત દીવસ લાગી તાળી.
માયા કાયા જુઠી જાણીરે, ભેદ તેતો પામીયા;
દલસુખ કહે એવા નરનેરે, અંતર આનંદ જામીયા.

પદ ૫૮.

રાગ ઉપરનો.

ભુલ ભાશી પોતાનીરે, આતમ સ્વરપ સદા,
આત્મા અખંડ દીસેરે, નથી તેને આપદા.
ત્રીવીધી તાપથીરે, નથી ડરતો જ્ઞાનથી;
સંસાર સબંધમાંરે, મન જેનું રહ્યું નથી.
એવા નરનિ બલીહારીરે; હરીને પણ એ વ્હાલા;
કમાયા કમાણીરે, વ્હાલા તેને નંદ લાલા.
એવા નરને હું નમુંરે, મુખે જેને રામછે,
દલસુખ કહે ડગલે ડગલેરે, મારા તો પ્રણામ છે.

પદ ૫૯ મું.

સદગુરૂની આરતી.

પાંડવ પાંચે ચાલીયા.—એ રાગ.

આરતી કરૂં હું આનંદ, હુંતો મતિ મંદ;
જુઠો જગ ફંદ, ગુરૂ થકી ગમ પડીરે. ટેક.

આરતી કરી લેઉ વારણાંરે, મારે તમારોજ આધાર; બુડતામાં બાંય ઝાલીનેરે, મને તમેજ કહાડયો બ્હાર. ગુરૂ. ૧
ગોવીંદથી ગુરૂ અધીકછેરે, ઓળખાવે એ અવીનાશ; સૂર્યનું ઉદય થતામાંરે, જેમ અંધકાર પામેછે નાશ ગુરૂ. ૨
એમ પ્રભુને મેં પેખીયારે, અને દેખીયા દીલનીજ માંય, કામવાળાને રામ ક્યાંથી મળેરે, એનું મન રમી રહ્યું ત્યાંય ગુરૂ ૩
ગુરૂ વિના ગમ નહિ પડેરે, સમજણ વિના શું સુખ, મુગાને મારો ગમે તેટલુંરે, પણ નવ બોલે તેના મુખ. ગુરૂ ૪
દલસુખે દુઃખ નીવારીયુંરે, સદગુરૂ કેરા પ્રતાપ; નિર્ભય

કહે નારાયણ ભજું રે; ટળ્યા ત્રીવીધી તણા તાપ. ગુરૂ. ૫

પદ ૬૦ મું.

અમે ઈશ્વર માગીએ એટલું.

ગ્રંથ પુરો કર્યો હરી નામનો,
ભુલ ચુકની માગું છું માફ.
સારૂં થાજ્યો સર્વનું ૧
દોષ બુદ્ધીનો દેખાવ જો જડે,
તેનો મનમાં કરજો સમાવ. સારૂં ૨
પીંગળ પાઠ પુરો હું ભણ્યો નથી,
ખટ શાસ્ત્ર ભણ્યની છે ખોટ. સારૂં. ૩
અઢાર પુરાણો પુરાં વાંચ્યાં નથી,
કેવળ કૃષ્ણ નામનો આધાર. સારૂં. ૪
પ્રીત ધરીને પુરી રીતે વાંચજો,
સમજી સવળો લેજો સારાંશ. સારૂં ૫
જેની જેવી મતી ગતી પામશે,
જુઠું જરી નથીરે લગાર. સારૂં. ૬
બોધ લઇને શોધોરે શરીરમાં,
અંતરજામી લીલા અપાર. સારૂં. ૭
બ્રહ્મા સરખાને ભાળ લાગી નહી,
થાકી આવ્યા ઠેકાણાની માંય. સારૂં. ૮
આપો આપ જયારે એ દયા કરે,

ત્યારે ભવની ભુલવણી ભુલાય સારૂં. ૯
પંચ હોય ત્યાં પ્રભુને ધારિએ,
સાચું કે'છે આ હલસુખરામ. સારૂં. ૧૦

છપ્પો.

કહેછે હલસુખરામ, જાત બ્રાહ્મણની મારી,
ગામ મોડાસા ઠામ, શહેરની શોભા સારી.
સોની વાડે મુકામ, પીતાતો હલપત કાવે,
જળ દેવતીનું ધામ, લોક દરશનમાં આવે.
જીલ્લે અમદાવાદમાં, તાલુકો પ્રાંતીજ છે,
ધંધો છે હરી નામનો, ખરી મારી ખાત્રીજ છે.

समाप्त.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

૧ રા. શેઠ સૂરા રણછોડલાલ ભાઇચંદ.
૨ રા. શેઠ શંકરલાલ પીતાંબર. મેઢગ્નના કારભારી.
૩ રા. શેઠ વલ્લવભાઈ બાપુજી દેશાઇ
૪ રા. શ્રી ગોરધનનાથજીના મંદીરના મહંત બાળકદાસ સદારામ
૫ ભટ હરગોવન કાળીદાસ
૬ રા. ગોર અંબાલાલ દલસુખરામ
૭ રા. જોશી નાના [illegible] ગણપતરામ
૮ રા. જોશી ભગવાન અંબારામ
૯ જોશી દલસુખ ભગવાન
૧૦ રા. ભટ જેઠાતારામ સદારામ
૧૧ રા. ભટ મોહન સદારામ
૧૨ રા. ભટ મગન સદારામ
૧૩ રા. જોશી નાગણ નાનારામ
૧૪ રા. ઉપાધ્યા મોતીરામ વીઠ્ઠલ સાદરાના મેતાજી
૧૫ રા. દેસાઇગાઇ ભીખાભાઈ નીશાળના મેતાજી ગામ મહુધા.
૧૬ રા. દાકતર ગણપતરામ મોરલીધર ગામ પ્રાંતીજના
૧૭ રા. જગન્નાથ શીવશંકર કન્યાશાળાના માસ્તર.
૧૮ રા. તરવાડી મગનલાલ ત્રીકમ કન્યાશાળાના આસીસ્ટંટ
૧૯ રા. ગુલાબચંદ વીરચંદ મોડાસા હાઉટ એજન્સીના માસ્તર મુ. લકતાણુ.
૨૦ તરવાડી વિઠ્ઠલ મનસુખરામ મ્યુનીસીપાલ કારકુન
૨૧ રા. દવે [illegible]લાલ પ્રાણશંકર
૨૨ રા. હરગોવીંદ [illegible]લગોવીંદ [illegible] રજીષ્ટર મોડાસા કચેરીના
૨૩ રા. શીવપ્રસાદ તપીશંકર કારકુન મુ. મોડાસા [illegible]
૨૪ રા. નટવરલાલ ચુનીલાલ કારકુન મુ. મોડાસા [illegible]
૨૫ રા. દયાશંકર સોમનાથ [illegible] હાલ મુ. મોડાસા
૨૬ રા. મનસુખરામભાઇ ફોજદારી કારકુન
૨૭ રા. તરવાડી લાલશંકર [illegible] તલાટી હાલ મુ. મોડાસા
૨૮ રા. [illegible] નનાલાલ શીવ[illegible]
૨૯ રા. કંદોઇ મોતીરામ નેમચંદ
૩૦ રા. વ્યસ દલસુખ મુલચંદ
૩૧ રા. ભાવસાર ગીરધર પીતાંબર
૩૨ રા. જોશી કેશવરામ નાથજી
૩૩ રા. ઠક્કર જેઠાલાલ ગીરધર
૩૪ રા. વ્યાસ મનસુખ કાળીદાસ

૩૫ રા. ભાવસાર માણેકચંદ સવચંદ
૩૬ રા. ભાવસાર મગનલાલ મુલચંદ
૩૭ રા. કદોઇ ગલાબચંદ અંબારામ
૩૮ તરવાડી મનસુખ હરીશંકર
૩૯ સોની લલ્લુ તળશી
૪૦ સોની દલસુખ ગલાબચંદ
૪૧ તરવાડી રણછોડ છગન
૪૨ ભટ ભગવાનદાસ હરગોવન
૪૩ જોશી પુંજીરામ મોતીરામ
૪૪ શાહ મગનલાલ કાશીદાસ
૪૫ શાહ જેઠાલાલ કાળીદાસ
૪૬ સોની જાદવજી પાનાચંદ ગામ દેવગઢ બારીયા.
૪૭ સોની મણીલાલ ગોરધન
૪૮ સોની મોહનલાલ માણેકચંદ
૪૯ શાહ મલુકચંદ મનસુખ
૫૦ શેઠ છોટાલાલ કીશોર
૫૧ ગાંધી મગનલાલ કેશવલાલ
૫૨ શાહ છોટાલાલ ભાઇચંદ
૫૩ શાહ લક્ષ્મીચંદ લલ્લુ
૫૪ શાહ અમીચંદ પાનાચંદ ગામ પુનાસન
૫૫ કોઠારી તળસી હીંમત
૫૬ શાહ કુશાલદાસ પાનાચંદ
૫૭ મેતા દલસુખ મનસુખ
૫૮ મોદી ભોગીલાલ ગુલાબચંદ
૫૯ શાહ રણછોડલાલ કશનદાસ
૬૦ મોદી જેચંદ દેવચંદ
૬૧ ગાંધી લલ્લુભાઇ કસનજી
૬૨ કોઠારી ગીરધર ગોકળદાસ
૬૩ મોદી પાનાચંદ દેવચંદ
૬૪ બુટાલા દેવચંદ હીરજી
૬૫ મોદી રણછોડ હરજીવન
૬૬ ગાંધી લલ્લુ વેલજી
૬૭ શેઠ ભુરજી પીતાંબર ગામ કોકાપુર
૬૮ ગાંધી જમનાદાસ બાપુદાસ
૬૯ ગાંધી શીવલાલ મુલજી
૭૦ બુટાલા લલ્લુભાઇ મોરાર
૭૧ કંસારા કેશવલાલ નાથજી
૭૨ ભાવસાર નાથા વ્હાલા
૭૩ ગાંધી સાંકળચંદ વેલજી
૭૪ ગાંધી પુંજાદાસ નાથજી
૭૫ મોદી મનસુખ હરજીવન
૭૬ દરજી ગીરધર પુંજા
૭૭ શેઠ છોટાલાલ માધવલાલ
૭૮ ધુવાડ દેવચંદ મોતીચંદ
૭૯ ગાંધી નરસીંહ કસનજી
૮૦ ગાંધી જેઠાલાલ હેમચંદ
૮૧ ગાંધી નાલચંદ ભાઇચંદ
૮૨ ઠકર હરગોવન મયારામ
૮૩ ભટ કાળીદાસ રણછોડ
૮૪ શેઠ હરજીવન પરસોતમ
૮૫ શેઠ જમનાદાસ જેઠાદાસ
૮૬ કોઠારી હરગોવન ગણપત
૮૭ સોની ચુનીલાલ માણેકચંદ
૮૮ સોની સાંકળચંદ કાળીદાસ ગામ માલપુરના
૮૯ મનીયાર ગોપાળદાસ ગીરધર
૯૦ ભાવસાર તળસી નાગર
૯૧ શેઠ રાયચંદ પાનાચંદ

૯૨ ધુંવાડ શંકરલાલ ગીરધર
૯૩ ઉપાધ્યા મગનલાલ બેચર
૯૪ ઉપાધ્યા ગોરધન વીઠ્ઠલ
૯૫ ખુટાલા રણછોડ અમથા
૯૬ ખુટાલા શામળ તળસી
૯૭ સોની ધરમચંદ ભાઇચંદ
૯૮ સોની હીરાલાલ પાનાચંદ
૯૯ ખુટાલા નરસીંહ તળસી
૧૦૦ કસારા મગનલાલ કેવળદાસ
૧૦૧ જોશી દલપતરામ જેશંકર
૧૦૨ શાહ જેઠાલાલ મોતીચંદ
૧૦૩ ભાવસાર હેમચંદ પુંજાદાસ
૧૦૪ ભાવસાર લલ્લુ હરીચંદ
૧૦૫ શેઠ મગનલાલ અમરચંદ
૧૦૬ ભાવસાર ગીરધર હીરા
૧૦૭ કોઠારી હીરાલાલ મલુકચંદ
૧૦૮ શેઠ ગીરધર મગનલાલ
૧૦૯ શેઠ ગણપત બાપુલાલ
૧૧૦ ભાવસાર કાળીદાસ કસ્તુરભાઈ
૧૧૧ સુતાર વલ્લવ અંબારામ
૧૧૨ સુંદરલાલ મોહનલાલ પોલીસ ગામ લકતરના
૧૧૩ શાહ ગીરધર નાનચંદ
૧૧૪ પંડ્યા જેશંકર મોતીરામ
૧૧૫ ભાવસાર ગીરધર ગોવીંદજી
૧૧૬ દરજી છગન જેઠા
૧૧૭ દેસાઈ મનસુખ ઝવેરદાસ
૧૧૮ શાહ જમનાદાસ અખાચંદ
૧૧૯ ખુટાલા વલ્લવ જેઠાદાસ
૧૨૦ ખુટાલા વિઠ્ઠલ ભગવાન
૧૨૧ શાહ શીવલાલ વીરચંદ
૧૨૨ સુતાર મગનલાલ દામોદર
૧૨૩ કડીઆ મગન કાસીદાસ
૧૨૪ ભાવસાર જીવા ધરમચંદ
૧૨૫ ભાવસાર પરસોતમ તાપીદાસ
૧૨૬ ભાવસાર ત્રીભોવન રણછોડ
૧૨૭ ભાવસાર મુલચંદ છગન
૧૨૮ દાંણી ગોરધન નથુરામ
૧૨૯ ભાવસાર અમરચંદ રૂપચંદ
૧૩૦ ભાવસાર હરજીવન અમુલખ
૧૩૧ ખુટાલા ચુનીલાલ કેશવલાલ
૧૩૨ ખુટાલા છગનલાલ દામોદર
૧૩૩ સોની નાથજી દેવચંદ
૧૩૪ સોની મલુકચંદ તલસી
૧૩૫ શેઠ ભગવાન જમનાદાસ
૧૩૬ ગોકળદાસ કસનદાસ તલાટી સાહેબ
૧૩૭ કોઠારી ભોગીલાલ રાયચંદ
૧૩૮ ભટ શામળદાસ ગીરધર
૧૩૯ ખુટાલા મનસુખ વીઠ્ઠલદાસ
૧૪૦ સોની મગનલાલ ગીરધર
૧૪૧ સોની છોટાલાલ નરસીંહ
૧૪૨ વ્યાસ લક્ષ્મીરામ નરભેરામ
૧૪૩ શેઠ જેઠાલાલ દલસુખ
૧૪૪ શેઠ નાથજી ઝવેર
૧૪૫ દરજી કંપા રામા
૧૪૬ કોઠારી હરીવલ્લવ રેવાચંદ
૧૪૭ સોની ભોગીલાલ લલ્લું
૧૪૮ સોની ચુનીલાલ ખુશાલ
૧૪૯ ગુરૂ સાંકળેશ્વર અમથારામ
૧૫૦ સોની કસનદાસ ગીરધર

૧૫૧ ભટ કેશવરામ મોતીરામ
૧૫૨ સગર શંકર ગણેશ
૧૫૩ ઉપાધ્યા ગણપતરામએચરમેતાજી
૧૫૪ શાહ ગોરધન રાયચંદ
૧૫૫ મેતા ગણપત રણછોડ
૧૫૬ પરી. નાથજી જડાવચંદ
૧૫૭ શેઠ મગનલાલ કશનદાસ
૧૫૮ શાહ બાપુલાલ હીંમત
૧૫૯ કોઠારી મલુકચંદ કાળીદાસ
૧૬૦ પરી. મગનલાલ એચર
૧૬૧ શાહ ચુનીલાલ દેવચંદ
૧૬૨ શાહ મગનલાલ કોદર
૧૬૩ કોઠારી તળસી કોવા
૧૬૪ ભાવસાર એચર પરસોતમ
૧૬૫ ભાવસાર જોઈતારામ ખેમચંદ
૧૬૬ પરી. મગન વીઠ્ઠલ
૧૬૭ કોઠારી ચુનીલાલ લલ્લુભાઈ

ગામ માલપુરના

૧૬૮ પરી. તળસી વીઠ્ઠલ
૧૬૯ ભાવસાર છગનલાલ શામળ
૧૭૦ ભાવસાર લીલાચંદ મોતીચંદ
૧૭૧ સોની હીરાચંદ જુમખરામ
૧૭૨ શાહ જેચંદ વીરચંદ
૧૭૩ શેઠ વેણીદાસ જેચંદ
૧૭૪ મેતા ચુનીલાલ હીરાચંદ
૧૭૫ ગોર કાનજી તુલજારામ
૧૭૬ ગોર ચુનીલાલ મોતીરામ
૧૭૭ ભાવસાર જોઈતારામ કેશવજી
૧૭૮ ભાવસાર દામોદર આશારામ
૧૭૯ ભાવસાર નાથાભાઈ લાલજી
૧૮૦ ભાવસાર નાથાભાઈ ભાઇચંદ
૧૮૧ ભાવસાર જેઠાભાઇ મોતીરામ
૧૮૨ ભાવસાર નાનચંદ લાલજી
૧૮૩ ભાવસાર એચર જગજીવન
૧૮૪ ભાવસાર મોહન જીવરામ
૧૮૫ ભાવસાર દલસુખ તાપીદાસ
૧૮૬ ભાવસાર મગન જગજીવન
૧૮૭ ભાવસાર પીતાંબર કુબેર
૧૮૮ ભાવસાર દ્વારકાં નાનચંદ
૧૮૯ ભાવસાર એચર કસનદાસ
૧૯૦ શાહ ખેમચંદ દોલાચંદ
૧૯૧ સુનાર મોતી ગણેશજી
૧૯૨ વોરા મગનલાલ નાનાલાલ
૧૯૩ ઠકર છગનલાલ વેલજી
૧૯૪ કંદોઇ દલીચંદ અંબારામ
૧૯૫ ઉપાધ્યા દેવશંકર કેશવરામ
૧૯૬ આચાર મનસુખ શીવરામ
૧૯૭ પુરવીઆ ગોવીંદસીંગ પુરવસીંગ

ગામ અમદાવાદ.

૧૯૮ નરહરદાસ સદારામ શ્રી ગોરધન નાથજીના મંદીરમાં
૧૯૯ વ્યાસ જેશંકર કાશીરામ
૨૦૦ સોની શામળ નાથજી
૨૦૧ કંદોઈ પરસોતમ અંબારામ
૨૦૨ સુતાર ગણાભાઈ મંછારામ
૨૦૩ સુતાર કુબેર લીલાચંદ
૨૦૪ શાહ છગનલાલ જેઠાદાસ
૨૦૫ શાહ કાળીદાસ સખીદાસ
૨૦૬ શેઠ પુંજાલાલ ઝવેર
૨૦૭ ગાંધીકસનદાસકુબેરગામસાકરીઆ

૨૦૮ ગાંધી પરસોતમ શામળ
૨૦૯ શેઠ હરજીવન પાનાચંદ
૨૧૦ નગરશેઠ મલુકચંદ અમરતલાલની વીધવા બાઇ પાર્વતી
૨૧૧ પરી. ચુનીલાલ મનસુખ
૨૧૨ સોની રણછોડ કીશોર
૨૧૩ બાઇ સાંકળી પીતાંબર
૨૧૪ શાહ કાળીદાસ મુલજી
૨૧૫ વોહોરા દયારામ હરખજી
૨૧૬ ગાંધી ચુનીલાલ ભૂરજી
૨૧૭ મોદી અમીચંદ નાથજી
૨૧૮ શાહ ખાતુંદાસ પાનાચંદ
૨૧૯ શાહ ચુનીલાલ નાનચંદ
૨૨૦ ખુટાલા બાપુજી મોતીચંદ
૨૨૧ શાહ કાળીદાસ હરજીવન
૨૨૨ દેશાઈ રણછોડ ઝવેરદાસ
૨૨૩ શેઠ જેઠાલાલ જગજીવન
૨૨૪ ખુટાલા કેવળદાસ લખમીચંદ
૨૨૫ શેઠ રણછોડ રામચંદ
૨૨૬ વિશ્વનાથ પ્રાણશંકર તલાટી
૨૨૭ શેઠ ચુનીલાલ ગણેશજી
૨૨૮ મોદી હીરાલાલ કાળીદાસ ગામ પાનવાડાના
૨૨૯ ગાંધી લલ્લુ મનસુખ ગોધરજના
૨૩૦ ગાંધી ભગવાન જેચંદ મેધરજના
૨૩૧ ભાવસાર અમરચંદ કાળીદાસ
૨૩૨ શેઠ પુંજાભાઈ ભાઇચંદ
૨૩૩ કોઠારી તાપીદાસ હરજી
૨૩૪ ખુટાલા ગોરધન કાશીદાસ
૨૩૫ ભાવસાર મગન પીતાંબર
૨૩૬ ભાવસાર શામળ શંભુ
૨૩૭ ભાવસાર મગનલાલ તાપીદાસ
૨૩૮ શેઠ હીરાલાલ વેલજી
૨૩૯ ગાંધી મનસુખ ભૂરજી
૨૪૦ શુકલ પરમોતમ મોતીરામ ગામ લુણાવાડા.
૨૪૧ બાઈ જીવી જડાવચંદ
૨૪૨ ઉપાધ્યા સાંકળેશ્વર નાનારામ
૨૪૩ ભાવસાર નાથાલાલ ખેમચંદ
૨૪૪ સોની ભીખાલાલ છગનલાલ
૨૪૫ પંડયા છોટાલાલ પુરસોતમ ગામ સરડોઇના
૨૪૬ સગર શંકર સાંકળા
૨૪૭ ગોર નથુરામ દેવશંકર ગામ ઇસરી.
૨૪૮ ભાવસાર ભાઇચંદ દલસુખ
૨૪૯ કોઠારી ચુનીલાલ મનસુખ
૨૫૦ શાહ મલુકચંદ નાનચંદ
૨૫૧ સોની નરસીંહ નારણજી
૨૫૨ ઠકર નરોતમ ફુલચંદ
૨૫૩ શા. ગોરધન દલીચંદ
૨૫૪ કડીઆ મગન શીવલાલ
૨૫૫ શાહ ભોગીલાલ રતનજી
૨૫૬ સોની ગીરધર નારણજી
૨૫૭ વૈદરાજ પોપટલાલ દયારામ ગામ ધ્રાંગધ્રાના
૨૫૮ ધુવાડ જમના હીરાચંદ
૨૫૯ શેઠ વલ્લભ અમીચંદ
૨૬૦ શાહ અમીચંદ લાલજી
૨૬૧ વાળંદ બેચર નારણજી ગામબોરડી
૨૬૨ શેઠ મગનલાલ હરગોવન

૨૬૩ ઘુવાડ હરજીવન ભાઇચંદ
૨૬૪ કોઠારી જેચંદ મુલજી
૨૬૫ સગર જોઈતારામ દયાળજી
૨૬૬ ખુટાલા ઉગરચંદ લલ્લુ ગામ ઇસરીના
૨૬૭ કડીઆ રવજી ગણપતરામ
૨૬૮ કડીઆ છગન વનમાળી
૨૬૯ પંડયા ગોરધન ત્રબકરામ
૨૭૦ અમરતલાલ ગુલાબચંદ ગામ લકતરના
૨૭૧ તપોધન મગનલાલ તળશી
૨૭૨ શાહ જમનાદાસ ગુલાબચંદ
૨૭૩ કડીઆ રણછોડ હરીભાઈ
૨૭૪ રામશંકર શીવરામ ગામ ડુંગરવાડા
૨૭૫ મુખી શંકર સાંકળા ગામ પાડપર
૨૭૬ ભાવસાર સાંકળચંદ ફુલચંદ
૨૭૭ આચાર મણીલાલ નર્મદાશંકર
૨૭૮ સુતાર હરગોવન ત્રીકમ
૨૭૯ સુતાર સાંકળા કાળીદાસ
૨૮૦ બાઇ કાશી ગણપતરામ
૨૮૧ પંડ્યા રેવાશંકર ત્રંબકરામ
૨૮૨ સુતાર વેણીરામ લક્ષ્મીદાસ
૨૮૩ તરવાડી વીસારામ ત્રીકમ
૨૮૪ જોશી છગનલાલ ગીરધર ગામ અહમદાવાદના
૨૮૫ કોઠારી છગનલાલ દેવચંદ
૨૮૬ બાઈ માહાલક્ષ્મી ભવાનીશંકર
૨૮૭ શાહ વીઠ્ઠલદાસ શીવલાલ
૨૮૮ શાહ લીલાચંદ નાનચંદ
૨૮૯ મેતા રતનજી ખુશાલ ગામ માલપુરના
૨૯૦ આચાર સોમનાથ દામોદર
૨૯૧ રેવાચંદ ગુલાબચંદ
૨૯૨ રાવળ કાંયા તુલસીરામ
૨૯૩ ભાવસાર મગન ઉમેદરામ
૨૯૪ ભાવસાર રેવચંદ આશારામ
૨૯૫ કોઠારી છગન હરગોવન
૨૯૬ કોઠારી વીઠલદાસ કનનજી
૨૯૭ ઠાકોર જોઈતારામ દલપતરામ અહમદાવાદના
૨૯૮ સુતાર કોદર ભાઇચંદ
૨૯૯ ભટ ઉમીયાશંકર મોતીરામ
૩૦૦ માસ્તર જેઠાલાલ પુરસોતમ ગામ માલપુરના

